Sandesh (Citylife)

EDII

June 26, 2021
Pg. 1

City Campus

EDIIએ પ્રોજેક્ટ 'હેન્ડમેડ ઇન ઇન્ડિયા' શરૂ કર્યો

# હાથસાળના ૬ હજાર વણકરોને ફેસબુક વોટ્સએપથી બિઝનેસ કરતા શીખવ્યું

## છેલ્લા બે વર્ષમાં EDIIએ પ્રોડક્ટ મેકિંગથી લઈને પ્રોડક્ટ સેલિંગ સુધીની તાલીમ આપી



**સિટી લાઈફ** ▸▸ કોરોના મહામારીમાં સ્કીલ બેઝ વર્કસને રોજગારી મળી રહે તે માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા પ્રોજેક્ટ 'હેન્ડમેડ ઈન ઈન્ડિયા' અંતર્ગત ભારતમાં તમામ છ હાથસાળ સમુદાયોમાંથી ૬૦૦૦થી વધારે પરંપરાગત હાથસાળ વણકરોને તાલીમ આપવામાં આવી છે.

ઈડીઆઈઆઈ અને અર્નસ્ટ એન્ડ યંગ એલએલપી (ઈવાય) સાથે મળીને ભૂજ અને સુરેન્દ્રનગર ઉપરાંત મહેશ્વર (મધ્યપ્રદેશ), કામરૂપ (આસામ), બારગઢ (ઓડિશા) અને સાલેમ (તામિલનાડુ)ના હાથસાળના સમુદાયોમાં ધિરાણની સુલભતા, ક્ષમતા નિર્માણ, બજારનું જોડાણ, ડિઝાઈનનો વિકાસ, સોશિયલ મીડિયા માર્કેટિંગ અને ઉદ્યોગસાહસિકતાનો વિકાસ જેવા ઈનિશિએટિવ હાથ ધરવામાં આવ્યાં હતાં.





### વણકરોનું સ્કિલ વિકસાવવા નવી યોજના બનાવી

ઇડીઆઇઆઈએ એક યોજના પણ વિકસાવી છે, જેમાં વણકરોનું કૌશલ્ય સંવર્ધન, માર્કેટિંગની નવી રીતો, ધિરાણની વધારે ઉપલબ્ધતા, હાથસાળ ક્ષેત્રની વ્યવહારિકતા વિશે યુવા પેઢીને જાણકારી આપવી જેવી બાબતો સામેલ છે. આ પગલાં ઉપર ઉલ્લેખિત સમુદાયોમાં વણકરોના જીવનની આવક અને ગુણવત્તા વધારવા માટે લેવામાં આવ્યાં છે.

### ઇ-કોમર્સ પોર્ટલ પર એકાઉન્ટ ખોલી આપ્યાં

ઇડીઆઇઆઈ એચએમઈ ક્લસ્ટરની વિવિધ ટીમે વણકરોને ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને અન્ય ઇ-કોમર્સ પોર્ટલ પર તેમના એકાઉન્ટ ખોલવાની તાલીમ આપી હતી. વણકરોને તેમના વ્યવસાયિક ઉદ્દેશો માટે વોટ્સએપનો ઉપયોગ કરવાની તાલીમ પણ આપવામાં આવી હતી. આ સાથે વર્ચ્યુઅલ મોડેલ પર ફેબ્રિકના ક્યુઆર કોડ, બારકોડ અને ટ્રેડમાર્ક રજિસ્ટ્રેશન, ૩ડી ડ્રેપિંગ પણ શીખવવામાં આવ્યું હતું.